આજની પ્રાર્થના....
માનવતાની ધર્મભાવના, હૈયે સૌ માનવ લાવે, વેર-ઝેરના પાપ તજીને, મંગળ ગીતો એ ગાવે

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૧૦૪ | ૨૪ જુન, ૨૦૨૧, ગુરૂવાર; જયેષ્ઠ સુદ - ૧૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# દેશમાં ડેલ્ટા પ્લસ વેરિયન્ટના ૪૦ કેસ



## ડેલ્ટા પ્લસ વેરિઅન્ટ કોરોનાની ત્રીજી લહેર લાવી શકે છેઃ નિષ્ણાંતોની ચેતવણી

ન્યુ દિલ્હી,તા.૨૩

કોરોનાના નવા વેરિયન્ટ વિશે સમગ્ર દુનિયામાં ચિંતા વધી રહી છે. ૨૪ કલાકની અંદર જ ભારત અને અમેરિકાના નિષ્ણાતાઓ નવા વેરિયન્ટ વિશે ચેતવણી જાહેર કરી છે. મંગળવારે એક્સપર્ટે કહ્યું હતું કે કોરોનાનો ડેલ્ટા પ્લસ વેરિયન્ટ ભારતમાં ત્રીજી લહેર લાવી શકે છે. એ ઉપરાંત અમેરિકાના સૌથી મોટા મહામારી એક્સપર્ટ એન્થની ફૌચીએ પણ ચેતવણી આપી છે.

ફૌચીએ કહ્યું હતું કે અમેરિકામાં કોરોના સંક્રમણ સમાપ્ત કરવાના પ્રયત્નોમાં ડેલ્ટા વેરિયન્ટ સૌથી મોટું જોખમ છે. તેમનું કહેવું છે કે કોરોનાના ઓરિજિનલ વેરિયન્ટની સરખામણીએ ડેલ્ટા વેરિયન્ટ ખૂબ ઝડપથી ફેલાઈ રહ્યો છે. એનાથી બીમારીની ગંભીરતા વધી જાય છે.

ફૌચીનું એવું પણ કહેવું છે કે ફાઈઝર સહિત જે કંપનીઓની વેક્સિન અમેરિકામાં લગાવવામાં આવી રહી છે એ કોરોનાના નવા વેરિયન્ટ પર અસરકારક છે. અમારી પાસે સંક્રમણ રોકવાના ઉપાયો છે, એનો ઉપયોગ કરવો જોઈએ. એટલે કે ફૌચીનું કહેવું છે કે શક્ય હોય એટલો ઝડપથી વેક્સિનેશનનો ટાર્ગેટ પૂરો કરવો જોઈએ.

કોરોના વિશે અમેરિકન સરકારના સિનિયર એડવાઈઝર જેફરે જેન્ટ્સનું કહેવું છે કે ૪ જુલાઈ સુધી ૭૦ ટકા યુવા વસતિને

● અનુસંધાન પાન-૭ પર

## દેશમાં સપ્ટેમ્બર સુધીમાં બાળકો માટે રસી આવી જશેઃ ડો.રણદિપ ગુલેરિયા

ન્યુ દિલ્હી,તા.૨૩

કોરોનાની બીજી તરંગ સમાપ્ત થઈ ગઈ છે અને હજી પણ ત્રીજી તરંગનો ભય છે. ઉપરાંત, એવું માનવામાં આવે છે કે બાળકો માટે કોરોના ત્રીજી તરંગ વધુ જોખમી હોઈ શકે છે. આવી સ્થિતિમાં ડેલ્ટા પ્લસ અંગે વધી રહેલી ચિંતાઓ વચ્ચે ઓલ ઈન્ડિયા ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સિસ (એઈમ્સ) ના ડિરેક્ટર રણદીપ ગુલેરિયાએ કહ્યું છે કે સપ્ટેમ્બર સુધીમાં બાળકો માટે રસી દેશમાં આવી જશે.ડો. રણદીપ ગુલેરિયાએ જણાવ્યું હતું કે રસી ઉત્પાદક ભારત બાયોટેકની રસીના બીજા તબક્કા અને ત્રીજાના કસોટીના ડેટા સપ્ટેમ્બર સુધીમાં આવી જશે અને આવી સ્થિતિમાં બાળકો માટે રસી જલ્દી દેશમાં આવી શકે છે. ડો.ગુલેરિયાએ કહ્યું કે, દેશમાં બેથી ૧૭ વર્ષની વય જૂથનાં બાળકો પર કોવોક્સનનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.



ડો.ગુલેરિયાએ કહ્યું કે, સપ્ટેમ્બરમાં કોવાકસીનની સુનાવણીના પરિણામો બહાર આવતાની સાથે જ તેને મંજૂરી આપવામાં આવશે. ઉપરાંત, જો ફાઈઝર-બાયોએનટેક રસી મંજૂર કરવામાં આવે છે, તો તે બાળકો માટે પણ એક સારો વિકલ્પ હશે. હાલમાં દિલ્હી સહિતના જુદા જુદા રાજ્યોમાં બેથી ૧૭ વર્ષની વયના બાળકો પર કોવાકિસિનની ટ્રાયલ ચાલી રહી છે.

હાલમાં દેશમાં કોરોનાના નવા વેરિએન્ટ ડેલ્ટા પ્લસએ ચિંતા વધારી છે. કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે પણ કહ્યું છે કે આ ચિંતાજનક પ્રકાર છે અને તેના વિશે સજાગ રહેવાની જરૂર છે. ડેલ્ટા ચલ વિશે, વૈજ્ઞાનિકોને ડર છે કે તેની સામેની રસી અને પ્રાકૃતિક એન્ટિબોડીઝ પણ કામ કરી રહી નથી. મંગળવાર સુધીમાં, ભારતમાં ડેલ્ટા પ્લસ વેરિએન્ટથી સંક્રમિત ૨૨ દર્દીઓ મળી આવ્યા હતા. આ ચલ કોરોના ત્રીજા તરંગમાં સૌથી ખતરનાક બની શકે છે.

## દરેક વેરિયન્ટ સામે અસરકારક કોરોનાની યુનિવર્સલ વેક્સિન આવશે

### વૈજ્ઞાનિકોએ એક એવી વેક્સિન લગભગ તૈયાર કરી લીધી

વોશિંગ્ટન,તા.૨૩

કોરોના વાયરસના નવા વેરિયન્ટ દુનિયાની મુશ્કેલી વધારી રહ્યાં છે, ત્યારે વૈજ્ઞાનિકો એવી




વેક્સિન પર કામ કરી રહ્યાં છે જે કોરોના વાયરસના તમામ વેરિયન્ટ વિરુદ્ધ સુરક્ષા આપે. આ વેક્સિન અંતિમ તબક્કામાંથી પસાર થઈ રહી છે. એક વખત આ વેક્સિન તૈયાર થઈ જશે, તો આ મહામારી વિરુદ્ધની લડાઈમાં એક શક્તિશાળી હથિયાર મળી જશે.

વૈજ્ઞાનિકોએ એક એવી વેક્સિન લગભગ તૈયાર કરી લીધી છે, જે કોવિડ-૧૯ ઉપરાંત કોરોના વાયરસના તમામ વેરિયન્ટ સામે લડવાની શક્તિ આપશે. અમેરિકાની નોર્થ કેરોલિના યુનિવર્સિટીના વૈજ્ઞાનિકોએ કોરોનાના તમામ સ્વરુપોની સામે કારગર નીવડે તેવી વેક્સિન બનાવી છે અને ઊંદરો પર પ્રયોગ શરુ કર્યો છે.

● અનુસંધાન પાન-૭ પર

## કોરોનાના કેસ ૩ કરોડને પાર ભારત વિશ્વમાં બીજા ક્રમે

### નવા ૫૦૮૪૮ કેસ, ૧૩૫૮ના મોત : ભારતમાં ૫૦ દિવસમાં ૧ કરોડ કેસ વધ્યા, સંક્રમણ મામલે અમેરિકા પછી બીજા ક્રમે

ન્યુ દિલ્હી,તા.૨૩

સોમવારે ભારતમાં નોંધાયેલા કોરોનાના નવા કેસનો આંકડો ૯૧ દિવસ પછી ૫૦ હજારની અંદર પહોંચ્યો હતો તે પછી ગઈકાલે નોંધાયેલા કેસની સંખ્યા ફરી એકવાર ૫૦ હજારને પાર ગઈ છે. આ સાથે મૃત્યઆંકમાં પણ સામાન્ય વધારો નોંધાયો છે. બીજી તરફ ભારતમાં કોરોનાના કુલ સંક્રમણની સંખ્યા ત્રણ કરોડને પાર થઈ ગઈ છે. સંક્રમણના મામલે ભારત અમેરિકા (૩.૫ કરોડ) કેસ બાદ ભારત બીજા નંબર છે.

કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયે જાહેર કરેલા આંકડા પ્રમાણે ભારતમાં મંગળવારે કોરોનાના નવા ૫૦,૮૪૮ સંક્રમણ નોંધાયા છે જ્યારે વધુ ૧,૩૫૮ દર્દીઓના જીવ ગયા છે. ભારતમાં કોરોનાથી સાજા થનારા દર્દીઓની સંખ્યા નવા કેસની સામે વધુ હોવાથી એક્ટિવ કેસનો આંકડો નીચો જઈ રહ્યો છે. ભારતમાં વધુ ૬૮,૮૧૭ દર્દીઓ એક દિવસમાં કોરોનાને હરાવીને સાજા થતા કુલ સાજા થયેલા દર્દીઓની સંખ્યા વધીને ૨,૮૯,૯૪,૮૫૫ પર પહોંચી ગઈ છે.

● અનુસંધાન પાન-૭ પર

## મૂડીઝે ભારતના વિકાસદરનો અંદાજ ઘટાડી ૯.૬ ટકા કર્યો

ન્યુ દિલ્હી,તા.૨૩

મૂડીઝ ઈન્વેસ્ટર્સ સર્વિસે ભારતીય અર્થવ્યવસ્થાના ચાલુ વર્ષ માટેના વિકાસદર અંદાજમાં ઘટાડો કર્યો છે. મૂડીઝે હવે વર્ષ ૨૦૨૧ની માટે ભારતના વિકાસદરનો અંદાજ ઘટાડીને હવે ૯.૬ ટકા કર્યો છે, જ્યારે અગાઉ તેણે ૧૩.૯ ટકાના જીડીપી ગ્રોથને આગાહી કરી હતી. આ સાથે મૂડીઝે કહ્યુ કે, ઝડપી રસીકરણથી જૂન ક્વાર્ટરમાં આર્થિક પ્રતિબંધ મર્યાદિત હશે.

મૂડીઝે 'વ્યાપક અર્થશાસ્ત્ર-ભારતમાં કોરોનાની બીજી લહેરનો આર્થિક ફટકો પાછલા વર્ષની જેમ ગંભીર હશે નહીં' શિર્ષકવાળા

### અગાઉ ૧૩.૯% વૃદ્ધિની આગાહી હતી

રિપોર્ટમાં જણાવ્યુ છે કે, ઉંચી ફિક્વન્સીવાળા આર્થિક સંકેતો દર્શાવે છે કે કોરોના મહામારીની બીજી લહેર એ એપ્રિલ અને મે મહિનામાં ભારતીય અર્થવ્યવસ્થાને પ્રભાવિત કરી છે. અલબત્ત રાજ્યો દ્વારા પ્રતિબંધોમાં છુટછાટની સાથે તેમાં સુધારણાની અપેક્ષા છે.

રિપોર્ટમાં જણાવ્યુ છે કે, કોરોના મહામારી લહેરથી વર્ષ ૨૦૨૧માં ભારતના વિકાસના પૂર્વઅંદાજોને લઈ અનિશ્ચિતતા વધી છે, અલબત્ત એવી સંભાવના છે કે આર્થિક નુકસાન એપ્રિલ-જૂન ક્વાર્ટરસુધી જ મર્યાદિત રહેશે.

મૂડીઝે કહ્યુ કે, અમે વર્ષ ૨૦૨૧માં ભારતનો રિયલ જીડીપી ૯.૬ ટકા અને વર્ષ ૨૦૨૨માં સાત ટકાના દરે વૃદ્ધિ પામશે તેવી અપેક્ષા છે.

ઉલ્લેખનિય છે કે, કોરોના મહામારીના લીધે કટોકટીનું વર્ષ બનેલા નાણાંકીય વર્ષ ૨૦૨૦-૨૧ દરમિયાન ભારતીય અર્થવ્યવસ્થામાં ૭.૩ ટકાનુ સંકોચન જોવા મળ્યુ છે. જ્યારે તેની અગાઉના વર્ષ ૨૦૧૯-૨૦ દરમિયાન ભારતનો વિકાસદર ૪ ટકા નોંધાયો હતો.

## ટિકરી સરહદે ખેડૂતોનું હાઈટેક આંદોલન, એસી સાથેના ઘર

નવી દિલ્હી, તા. ૨૩

કેન્દ્ર સરકાર દ્વારા લાગુ કરવામાં આવેલા કૃષિ સુધાર કાયદાના વિરોધમાં છેલ્લા ૨૦૮ દિવસથી ખેડૂતોનું વિરોધ પ્રદર્શન ચાલુ છે. ખેડૂતો હજુ પણ દિલ્હીની ટિકરી અને સિંધુ બોર્ડર પર મક્કમ બનીને ઉભા છે. ૨૬ જાન્યુઆરીના રોજ જ્યારે ખેડૂત આંદોલને હિંસક સ્વરૂપ ધારણ કર્યું ત્યારે આંદોલન સમેટી લેવામાં આવશે તેમ લાગ્યું હતું પરંતુ ૭ મહિના થવા આવ્યા છતાં આંદોલન હજુ પણ ચાલુ જ છે. સિંધુ બોર્ડરથી લઈને ટિકરી બોર્ડર સુધી ખેડૂતો અડગ બનીને આંદોલન કરી રહ્યા છે. બીજી બાજુ ખેડૂતોએ ટિકરી બોર્ડર પર રસ્તા ઉપર જ સ્થાયી કંસ્ટ્રક્શન પણ કરી નાખ્યું છે. ખેડૂતોએ રોહતક જવા માટેના રસ્તા પર પાક્કા મકાનો ચણી લીધા છે.

આ ઘરોમાં એસી, કૂલર, ફ્રીજ અને ટીવી જેવી સુવિધાઓ પણ તેનાત છે. ખેડૂતો એસીનું ટેમ્પરેચર ૧૮ ડિગ્રી સુધીનું રાખે છે. લક્ઝરી જીવન જીવી રહેલા ખેડૂતો ત્રણેય કાયદા પાછા ખેંચવાની માગ પર અડગ છે.

સૂર-શબ્દની ઉપાસના, એક માત્ર ધ્યેય




શિવરંજની ગાંધીનગર
(સ્થાપના : તા. ૨૪/૬/૧૯૭૨)

છેલ્લા પાંચ દાયકાથી ગાંધીનગરમાં સંગીતને સતત ધબકતું રાખનાર
શિવરંજની-ગાંધીનગર
તેની સૂરીલી યાત્રાના ૫૦મા વર્ષમાં પ્રવેશ કરી રહી છે.

કોરોનાની મહામારીને કારણે તમામ સાંસ્કૃતિક કાર્યક્રમો બંધ હતા ત્યારે પણ Online કાર્યક્રમો યોજી સંગીતને ગુંજતું રાખવાનું ગૌરવ છે.
૫૦મા સ્વર્ણ જયંતિ વર્ષના મંગલ પ્રવેશ પ્રસંગે
સંસ્થા સાથે સતત સૂરીલો નાતો જાળવી રાખતા
તમામ સુજ્ઞ ગુણીજનોનું હાર્દિક અભિવાદન છે.
આગામી વર્ષોમાં આપનો સાથ અને સહયોગ મળતો રહેશે તેવી શ્રદ્ધા સાથે.

● શિવરંજની - ગાંધીનગરના કારોબારી સભ્યો ●

51 YEARS
૫૧મા વર્ષમાં
મંગલ પ્રવેશ

સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિ
રાજકોટ સંચાલિત

ખાદી ગ્રામોદ્યોગ ભવન, સેક્ટર-૧૬, ગાંધીનગર

ગાંધીનગરની સ્થાપના કાળથી
આજપર્યંત ખાદી પરત્વે પ્રેમ અને આદર ભાવ
વ્યક્ત કરનાર સૌ સંસ્થાઓના સુત્રધારો,
નાગરિકો અને મુલાકાતીઓનો
અમે અંતરના ઉમળકાથી આભાર
વ્યક્ત કરીએ છીએ અને આવા જ
સહયોગની અભિલાષા વ્યક્ત કરીએ છીએ

ગૃહ વસ્તુ ભંડાર, સેક્ટર-૧૬, ગાંધીનગર